# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ ત્રિમાસિક મુખપત્ર
અંક – ૮૪ : એપ્રિલ – જૂન ૨૦૨૩

## તંત્રીસ્થાનેથી . . .

**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો**

**અમદાવાદ ચેપ્ટર**

૧. શ્રીમતી પ્રિતીબેન અદાણી
૨. શ્રી પી. કે. લહેરી
૩. શ્રી હેમંતભાઈ શાહ
૪. પદ્મશ્રી ડો. કુમારપાલ દેસાઈ
૫. શ્રી રશ્મિકાન્તભાઈ શાહ
૬. શ્રી સમેશભાઈ પટેલ
૭. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૮. શ્રી શુભાંગભાઈ શાહ
૯. ડો. વી. એન. શાહ
૧૦. શ્રી નિલેશભાઈ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રીમતી રેખાબેન ચોના

**વડોદરા ચેપ્ટર**

૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી કરણ ગ્રોવર
૩. શ્રી મહેશભાઈ શાહ
૪. શ્રી જાલ પટેલ
૫. શ્રી યોગેશભાઈ વેલાણી
૬. શ્રી મધુભાઈ મહેતા
૭. શ્રી કુંજલભાઈ પટેલ
૮. શ્રી રોહિતભાઈ પરીખ
૯. શ્રી નિલેશભાઈ શુકલા

**સુરત ચેપ્ટર**

૧. શ્રી શરદભાઈ કાપડિયા
૨. શ્રી આઈ. જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંતભાઈ કે. મારફતિયા
૪. શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા
૫. ડો. શ્રીમતી મીનાબેન માંડલેવાલા
૬. ડો. પ્રફુલભાઈ શિરોયા
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિતભાઈ મહેતા
૯. શ્રી કમલેશભાઈ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદીપભાઈ કલકત્તાવાલા
૧૧. કુ. જીજ્ઞાસાબેન ત્રિવેદી
૧૨. ડો. પ્રદીપભાઈ અટોદરીયા

પ્રિય મિત્રો,

**નમસ્કાર !**

મનુષ્યના શરીરમા કિડનીનુ મહત્વ અને તેના રોગો વિષે લોક જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી શરૂ કરવામા આવેલ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને સમાજના તમામ વર્ગનો સાથ અને સહકાર મળ્યો છે. આ ૨૧ વર્ષના સમયગાળા દરમિયાન સંસ્થાને વ્યક્તિગત તેમજ ઘણીબધી સંસ્થાઓ અને કંપનીઓ તરફથી આર્થિક મદદ મળી રહી છે. અમને સતત સહયોગ અને માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરનાર પ્રત્યેક વ્યક્તિનો હું હૃદયપૂર્વક આભાર માનુ છું.

હાઈબ્લડપ્રેશર અને ડાયાબિટીસ જેવા બિનચેપી રોગોનું દિવસે દિવસે વધતું જતું પ્રમાણ ચિંતાજનક છે. લોકોમાં આ રોગો વિષે જાગૃતિનો અભાવ છે તેઓ આ રોગના ભયંકર પરિણામોથી બિલકુલ અજાણ હોય છે. થોડા દિવસો પહેલા જ એક સુપ્રસિદ્ધ દૈનિક સમાચારપત્રમાં આવેલ અહેવાલ પ્રમાણે વડોદરાની સયાજી હોસ્પિટલ સંલગ્ન બરોડા મેડિકલ કોલેજના સંશોધકો દ્વારા હોસ્પિટલમાં સારવાર લેવા આવતા દર્દીઓનું એક સંશોધન કરવામાં આવ્યું હતું જેમાં ૧૦૦ માંથી ૧૮ વ્યક્તિઓ હાઈપરટેન્શનની બીમારીથી પીડાય છે તેમજ ૨૧ ટકા દર્દીઓ ડોક્ટરે આપેલી દવાઓ થોડા દિવસ પછી લેવાનું બંધ કરી દેતા હોય છે. તે એક ચિંતાનો વિષય છે.

સંસ્થા દ્વારા વિવિધ કાર્યક્રમો ચલાવવામાં આવે છે જેથી જરૂરિયાતમંદ વ્યક્તિઓને એનો લાભ મળી શકે જેમાં અમારો **PTAP (Prevention Through Awareness Programme)** કાર્યક્રમ ખૂબ જ મહત્વનો છે જેના થકી અમારા દરેક ચેપ્ટરના ઓફિસર દ્વારા સમાજના લોકોને કિડનીના રોગો તેમજ હાઈપરટેન્શન અને ડાયાબિટીસ જેવા રોગોની શરીરના મહત્વના અંગો પર પડતી વિપરીત અસર વિષે મલ્ટી મિડિયા પ્રોજેકટરના માધ્યમથી ચિત્રો અને વિડીયોની મદદથી સરળ ભાષામાં સમજાવવામાં આવે છે. ઉપરાંત સંસ્થાના અધિકારીઓ દ્વારા સમગ્ર ગુજરાતના અંતરિયાળ ગામડાઓમાં બીપી અને ડાયાબિટીસ ચેક અપ કેમ્પનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે. જેમાં અત્યાર સુધી ૩૩,૬૫૩ લોકોનું બીપી અને ડાયાબિટીસ તપાસવામાં આવ્યું છે જેમાંથી ૬,૦૫૭ લોકોને ડાયાબિટીસ જણાયો અને ૮,૪૧૪ લોકોનું બીપી જરૂર કરતાં વધુ જણાયું. આ તમામ લોકોને યોગ્ય માર્ગદર્શન આપીને સારવાર લેવાની સલાહ આપવામાં આવી હતી અને આ રીતે સમાજમાં બહુ મોટાપાયા પર અમે આ રોગો વિષે જાગૃતતા લાવવામાં સફળ રહયા છીએ અને હજુ પણ અમારુ આ અભિયાન અવિરત ચાલુ જ રહેશે.

સંસ્થાના દરેક ચેપ્ટરના અમારા સક્રિય ઓફિસરો દ્વારા આ ત્રિમાસિક સમયગાળા દરમિયાન કુલ ૧૧૯ કિડની જાગૃતિ કાર્યક્રમો અને ૫૫ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મહેસાણા ચેપ્ટર ખાતે ૨ જાહેર કિડની જાગૃતિ કાર્યક્રમનું આયોજન થયું હતું.

કિડનીના દર્દીઓના લાભાર્થે ચલાવવામાં આવતા 'પ્રેરણા' કાર્યક્રમોનું આયોજન અમારા દરેક ચેપ્ટરમાં સમયાંતરે કરવામાં આવી રહ્યું છે જેમાં કિડનીના દર્દી મિત્રો માટે દર બે મહિને વિવિધ પ્રેરણાત્મક, મનોરંજક અને શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે જેમાં મોટી સંખ્યામાં દર્દીમિત્રો અને તેમના સગા બહુ ઉત્સાહથી ભાગ લેતા હોય છે.

એવી જ રીતે કિડનીના દર્દીઓને સારવારમાં મદદ કરવામાં હેતુથી ચલાવવામાં આવતા 'સેવ અ લાઈફ' કાર્યક્રમ થકી આ સમયગાળા દરમિયાન ૪૨ જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને કુલ રૂ.૧,૮૫,૬૬૭ ની આર્થિક સહાય કરવામાં આવી હતી. તેમજ સંસ્થા દ્વારા સંચાલિત હિમોડાયાલિસીસ યુનિટમાં ૨૭૮ હિમોડાયાલીસીસ વિનામૂલ્યે કરવામાં આવ્યા હતા.

રત્નમણી મેટલ્સ એન્ડ ટ્યુબ્સ લિમીટેડ કંપનીના જોઈન્ટ મેનેજીંગ ડીરેક્ટર અને સંસ્થાની સલાહકાર સમિતિના સભ્ય શ્રી જયંતીભાઈ સંઘવીએ સંસ્થા દ્વારા સંચાલિત હિમોડાયાલિસીસ સેન્ટરને એક હિમોડાયાલિસીસ મશીન માટે રૂ.૭,૯૦,૦૦૦નું દાન આપ્યું છે તથા સંસ્થાની ૩ ચેપ્ટરોની સ્થાનિક ઓફિસ ખાતે ૩ લેપટોપ માટે રૂ.૧,૧૦,૦૦૦ તેમજ જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓ માટે 'સેવ અ લાઈફ' કાર્યક્રમમાં રૂ.૧,૨૦,૦૦૦ એમ કુલ રૂ. ૨,૩૦,૦૦૦ નું દાન શ્રી રશ્મિકાંતભાઈ શાહ દ્વારા આપવામાં આવ્યું છે. હું આ બંને દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર માનું છું.

શુભેચ્છાઓ સહ,

ત્રિલોકભાઈ પરીખ
ચેરમેન

## જાગૃતિ કાર્યક્રમ : (Prevention Through Awareness Programme)

### કિડની જાગૃતિ કાર્યક્રમોની એક ઝલક:



બેંક ઓફ ઇન્ડિયાના રીટાયર્ડ કર્મચારીગણ, ભીમનાથ મહાદેવ મંદિર, અમદાવાદ



ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, અમદાવાદ



સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ગાંધીનગર



ગામ.–કારોડિયા, જી.– વડોદરા



જી. એસ. ટી ઓફિસ, ભાવનગર



ગામ.–વિશોલ, તા.– ઊંઝા, જી.– મહેસાણા



જી. ટી વિદ્યાલય , રાજકોટ



શિવ ટેક્ષટાઇલ પ્રા. લિ., સચીન જી.આઈ.ડી.સી., જી.– સુરત

# બીપી, ડાયાબિટીસ અને કિડની નિદાન કેમ્પ



મિશનરીઝ ઑફ ચેરિટી, વડોદરા




જલારામ મંદિર, ભાવનગર



લિંકન ફાર્માસ્યુટિકલ લિમિટેડ, ખાત્રજ જી.આઈ.ડી.સી, ગાંધીનગર




સોમનાથ સોસાયટી, રાજકોટ




ગુરુકૃપા વિદ્યાલય, મોરા ભાગલ, સુરત




કોલેજ ઓફ હોર્ટીકલ્ચર, જગુદણ, મહેસાણા




ગામ.–વડોદરા, જી.– ગાંધીનગર




શિવાનંદ આશ્રમ, સેટેલાઈટ, અમદાવાદ

# "પ્રેરણા એટલે હિમોડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર લેતા કિડનીના દર્દી મિત્રોને આનંદપૂર્વક જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરતુ એક વિશિષ્ટ સંગઠન"

## અમદાવાદ

અમદાવાદ ચેપ્ટર દ્વારા 'પ્રેરણા' બેનર હેઠળ સૌ પ્રેરણામિત્રો માટે એક શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડાયાલિસીસ અને ટ્રાન્સપ્લાન્ટ કરાવેલ પ્રેરણામિત્રોને રોજબરોજની સારવાર દરમિયાન રાખવી પડતી કાળજી અને ખોરાકની પરેજી વિષે તથા ડાયાલિસીસની સારવાર દરમિયાન પડતી સમસ્યાઓ અને તેના નિવારણ વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે સિનિયર ડાયાલિસીસ ટેકનીશિયન શ્રીમતી માધવીબેન દેસાઇને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેઓએ ઉપરોક્ત વિષયો પર સૌ પ્રેરણામિત્રોને પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા મહત્વની માહિતી આપી હતી અને અંતે પ્રેરણામિત્રોના પ્રશ્નો વિષે વિસ્તારપૂર્વક ચર્ચા પણ કરવામાં આવી હતી.



પ્રેરણામિત્રોને માહિતગાર કરતાં ડાયાલિસીસ ટેકનીશિયન શ્રીમતી માધવીબેન દેસાઇ

## રાજકોટ

ઈન્ડિયા રિનલ ફાઉન્ડેશન રાજકોટ ચેપ્ટર દ્વારા 'પ્રેરણા' કાર્યક્રમ અંતર્ગત ૧૧ જૂન રવિવારના રોજ કિડનીના દર્દીમિત્રોને કોસ્મો પ્લેક્સ સિનેમા, રાજકોટ ખાતે એક નિ:શુલ્ક મનોરંજક ફિલ્મ બતાવવામાં આવી હતી. જેનો ૫૦ થી પણ વધુ દર્દી મિત્રોએ તેમના સગાઓ સાથે ભાગ લીધો હતો.




પ્રેરણા કાર્યક્રમ, રાજકોટ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### હિમતનગર ચેપ્ટર

૧. ડો. ચીમનભાઈ પટેલ
૨. શ્રી ચંદ્રકાંતભાઈ સી. શેઠ
૩. શ્રી ગિરીશભાઈ ભાવસાર
૪. શ્રી મહેન્દ્રસિંહભાઈ પી. ચૌહાણ
૫. શ્રી કુંજબિહારી જે. પટેલ
૬. શ્રી ગોપાલસિંહ અને. રાઠોડ
૭. શ્રી બાલકૃષ્ણ એમ. ઠક્કર
૮. ડો. કેવલભાઈ એમ. પટેલ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### ગીર-સોમનાથ ચેપ્ટર

૧. શ્રી પ્રવિણભાઈ કે. લહેરી
૨. શ્રી વિજયસિંહ ચાવડા
૩. શ્રી જગમાલભાઈ વાલા
૪. શ્રી રમેશભાઈ ચોપડકર
૫. શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
૬. શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
૭. શ્રી ગિરીશભાઈ ઠક્કર
૮. ડો. શ્રી રાજુભાઈ ક્રિષ્નાની
૯. શ્રી તેજસભાઈ પંડ્યા
૧૦. શ્રી અરૂણકુમાર શર્મા

## મહેસાણા

મહેસાણા ચેપ્ટરમાં તારીખ ૧૮ જૂન, રવિવારના દિવસે પ્રેરણા કાર્યક્રમ અંતર્ગત એક શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડો. પિયુષ પટેલ દ્વારા પ્રેરણા મિત્રોને AV ફિસ્ટુલા સર્જરી વિષે તથા ફિસ્ટુલાની સંભાળ કેવી રીતે રાખવી તે અંગેની જરૂરી માહિતી આપવામાં આવી હતી અને પ્રેરણા સભ્યોને AV ફિસ્ટુલાને લઈને મુંજવતા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા. આ કાર્યક્રમમાં સિનિયર સીટીઝન કલબના સભ્યો પણ હાજર રહયા હતા અને મહેસાણા ચેપ્ટરના સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય શ્રી શરદભાઈ શાહ દ્વારા દર્દીમિત્રોને ઉત્સાહિત કરતાં કવિતા રજૂ કરવામાં આવી હતી.




શ્રોતાગણને સંબોધતા ડો. પિયુષ પટેલ



પ્રેરણામિત્રો

## વડોદરા

તારીખ ૨૮ મે, ૨૦૨૩ ના રોજ સંસ્થાના વડોદરા ચેપ્ટર દ્વારા 'સંગીત સંધ્યા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વડોદરા ચેપ્ટરના સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય શ્રી રોહિતભાઈ પરીખ અને તેમની ટીમના સભ્યોએ ખૂબ જ મધુર ગીતો ગાઈને પ્રેરણા મિત્રોને મનોરંજન પીરસ્યું હતું. કાર્યક્રમમાં વડોદરાના જાણીતા નેફ્રોલોજીસ્ટ ડૉ. કમલેશભાઈ પરીખ અને તેમના ધર્મપત્ની ડૉ. દિપ્તીબેન પરીખ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રેરણા સભ્યોને ઉત્સાહથી જીવન જીવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. ડો.કમલેશભાઈ પરીખ દ્વારા કાર્યક્રમના અંતે અલ્પાહાર માટે સ્પોન્સરશીપ આપવામાં આવી હતી તે બદલ અમે ડોક્ટર સાહેબનો આભાર વ્યક્ત કરીએ છીએ.




પ્રેરણા કાર્યક્રમ , વડોદરા

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો ભાવનગર ચેપ્ટર

૧. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ
૨. શ્રી સુનીલભાઈ વડોદરીયા
૩. શ્રી અશોષભાઈ ત્રિવેદી
૪. શ્રી ચેતનભાઈ કામદાર
૫. શ્રી રાજુભાઈ બક્ષી
૬. શ્રી મેહુલભાઈ પટેલ
૭. શ્રી સુમિતભાઈ ઠક્કર

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો રાજકોટ ચેપ્ટર

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુભાઈ વિરાણી
૩. શ્રી હરેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. શ્રી સુધીર ભીમાણી
૬. શ્રી કામલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલભાઈ ખેતાણી
૯. શ્રી રમેશભાઈ પટેલ
૧૦. શ્રી રમેશભાઈ ઠક્કર
૧૧. શ્રી ડેનીશ આડેસરા

# જાહેર કિડની જાગૃતિ કાર્યક્રમ :

## મહેસાણા

તારીખ ૨૮ મે ના રોજ સુઝુકી મોટર્સ ગુજરાત પ્રાઈવેટ લિમિટેડ ખાતે જાહેર કિડની જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે ડો. રાજેશ પાટીદારને આમંત્રિત કરવામાં આવ્યા હતા. તેઓએ કિડની અને કિડનીના રોગો, બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ વિષે વિસ્તૃત માહિતી આપી હતી અને અંગદાનની જરૂરિયાત અને તેના મહત્વ વિષે ચર્ચા કરી હતી. સંસ્થાના અધિકારીઓ દ્વારા માહિતી પુસ્તિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સુઝુકી મોટર્સ કંપનીના મેનેજર શ્રી અંકુર બાસીન અને જુનિયર મેનેજર શ્રી પ્રતાપ વેનું હજાર રહયા હતા. ૨૫૦ થી પણ વધુ કર્મચારીઓએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો.



શ્રોતાઓને માહિતી આપતા ડો.રાજેશ પાટીદાર



શ્રોતાગણ

મહેસાણા ખાતે અન્ય એક કાર્યક્રમ ૯ જૂનના રોજ ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન અને ઈન્નર વ્હીલ ક્લબના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડો. નીલ પટેલ (નેફ્રોલોજીસ્ટ) ને આમંત્રિત કરવામાં આવ્યા હતા જેઓએ કિડની, કિડનીની રચના, તેના કાર્યો અને કિડનીને અસર કરતાં પરિબળો તથા તેના ગંભીર રોગો વિષે શ્રોતાઓને માહિતગાર કર્યા હતા. મહેસાણા ચેપ્ટરની સ્થાનિક સલાહકાર સમિતિના સભ્ય શ્રી શરદભાઈ શાહ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા અને તેઓએ સંસ્થાની પ્રવૃત્તિઓ વિષે શ્રોતાઓને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમના અંતે ઈન્નર વ્હીલ ક્લબના સભ્યોને કિડની સંબંધિત મુંઝવતા પ્રશ્નો વિષે ડો. નીલ પટેલ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી.



શ્રોતાઓને માહિતગાર કરતાં ડો. નીલ પટેલ (નેફ્રોલોજીસ્ટ)




કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો મહેસાણા ચેપ્ટર

૧. શ્રી શરદભાઈ શાહ
૨. શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
૩. શ્રી અજીતભાઈ ટી. પટેલ
૪. શ્રી સુરેન્દ્રભાઈ બી. પરીખ
૫. ડો. શ્રી મુકેશભાઈ એમ. ચૌધરી
૬. ડો. શ્રી પી. ડી. પટેલ
૭. શ્રી સંદીપભાઈ શેઠ



૬૦ લોકોનું વિનામુલ્યે ચેકઅપ કરવામાં આવ્યુ

**બાગાયત વિદ્યાલય જગુદણ ખાતે ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાયો**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૦

બાગાયત મહાવિદ્યાલય, જગુદણ ખાતે તા. ૨૦/૦૪/૨૦૨૩ ના રોજ સીઓએચ એલ્યુમની એસોસીએશન & ટ્રસ્ટ, જગુદણ અને ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, અમદાવાદ ના સંયુક્ત ઉપક્રમે ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાયો. સૌ પ્રથમ ડૉ. એચ.એન. લેઉઆ દ્વારા સર્વેનું શાબ્દિક સ્વાગત કરી સૌને આવકાર્યા. ત્યારબાદ એલ્યુમની ના પ્રમુખ દ્વારા પ્રસંગ અનુરૂપ ઉદબોધન કર્યા બાદ ચેકઅપ માટે આવેલા કુલદીપ ગાંધી દ્વારા ડાયાબીટીસ અને બ્લડ પ્રેસર વિષે માહિતી આપી કાર્યકમની શરૂઆત કરવામાં આવી. આમ કુલ બાગાયત મહાવિદ્યાલયના-૩૫, બીજ મસાલા સંશોધન કેન્દ્રના-૧૦ અને શ્રમયોગી ભાઈઓ તથા બહેનો -૧૫, આમ કુલ-૬૦ લોકોનું વિનામુલ્યે ચેકઅપ કરવામાં આવ્યું અને ત્યારબાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી. આ પ્રોગ્રામનું સફળ આયોજન સીઓએચ એલ્યુમનીના પ્રમુખ ડૉ. પીયુષ વર્મા, ઉપ-પ્રમુખ, ડૉ. એમ.બી. પટેલ, મંત્રી, ડૉ. જી.એસ. પટેલ અને ખજાનચી, કે. ઝેડ. વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, વર્ષ ૨૦૦૨ થી કિડનીના જરૂરિયાતમંદ દર્દીઓને સારવાર માટે આર્થિક સહયોગ કરે છે.

Save a life
Sponsoring Renal Treatment

ડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવી રહેલા જરૂરીયાતમંદ કિડનીના દર્દીઓને સેવ અ લાઈફ કાર્યક્રમ અંતર્ગત ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન નાણાકીય સહાય પૂરી પાડવાનો એક નમ્ર પ્રયાસ કરી રહી છે. આ કાર્યક્રમ સંસ્થા દ્વારા જુલાઈ ૨૦૦૨ માં શરૂ કરવામાં આવ્યો હતો. અત્યાર સુધી સંસ્થા દ્વારા હિમોડાયાલિસીસ, કિડની ટ્રાન્સપ્લાન્ટ પછીની દવાઓ AV ફિસ્ટુલા સર્જરી માટે ઘણા જરૂરિયાતમંદ દર્દીઓને સહાય કરવામાં આવી છે.

આ ત્રિમાસિક સમયગાળા દરમિયાન ૧૧ દર્દીઓને ડાયાલાયઝર અને ટયુબીન તેમજ ૪૨ જરૂરિયાતમંદ કિડનીના દર્દીઓને દવાઓ માટે રૂ. ૧,૮૫,૬૬૭ ની સહાય કરવામાં કરવામાં આવી હતી આ ઉપરાંત સંસ્થા દ્વારા સંચાલિત હિમોડાયાલિસીસ યુનિટમાં ૨૭૮ હિમોડાયાલીસીસની સારવાર વિનામૂલ્યે કરવામાં આવી હતી.



નીતિનસિંહ મકવાણા

**સંસ્થા દ્વારા ચાલતા 'સેવ અ લાઈફ' કાર્યક્રમનો લાભ લેતા દર્દી મિત્રની વાચા :**

મારુ નામ નીતિનસિંહ ઉદેસિંહ મકવાણા છે. મારી ઉમર ૩૫ વર્ષ છે અને હું વાવડી ગામ જી. સાબરકાંઠાનો વતની છું. મારા પરિવારમાં મારે ૨ બાળકો છે. હું રિક્ષા ચલાવીને મારા પરિવારનું ગુજરાન ચલાવું છું.

આજથી આશરે ૬ મહિના પહેલા મને આંખમાં દેખાવાનું બંધ થઈ ગયું. જેથી અમે હિમતનગર શહેરના જાણીતા જનરલ ફીઝીશિયન ડૉક્ટર પી. કે પટેલ પાસે ગયા અને ત્યાં વિશેષ તપાસ કરાવી જેમાં મારુ બ્લડ પ્રેશર ૨૦૦ થી ૨૪૦ આવ્યું જેનાથી હું બિલકુલ અજાણ હતો. ડો. પી. કે. પટેલ સાહેબે બધી જ તપાસ કર્યા બાદ મને કિડનીના નિષ્ણાત ડૉક્ટર નેફ્રોલોજીસ્ટ પાસે જવાની સલાહ આપી. ડો. સિધ્ધાર્થ માવાણી (નેફ્રોલોજીસ્ટ) કે જેઓ હિંમતનગરની આવિષ્કાર હોસ્પિટલમાં વિઝિટર ડૉક્ટર તરીકે સેવા આપે છે તેમની પાસે અમે તપાસ માટે ગયા. જ્યાં મારા લોહીના કેટલાક રિપોર્ટ કરાવવામાં આવ્યા. જેમાં ક્રીએટીનાઈન લેવલ ખૂબ જ ઊંચું જણાયું એના આધારે ડોકટર સાહેબે મારું ક્રોનિક કિડની ફેલ્યોરનું નિદાન કરીને હિમો ડાયાલિસીસની સારવાર લેવાનું સૂચન કર્યું.

હિંમતનગર શહેરમાં ડાયાલિસીસની સારવાર ક્યાં ક્યાં મળે છે તેની તપાસ કરતાં અમે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન સંચાલિત હિમોડાયાલિસીસ સેન્ટરની મુલાકાતે ગયા. ત્યાંની સુવિધાઓ મને વધુ અનુકૂળ લાગતાં અહીંયા જ મારી હિમોડાયાલિસીસની સારવાર લેવાનું નક્કી કર્યું.

શરૂઆતમાં કેથેટર દ્વારા મને હિમોડાયાલિસીસની સારવાર આપવામાં આવી પણ એ પછી AV ફિસ્ટુલાની સર્જરી કરાવવી ખૂબ જરૂરી હતી. મારી આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી હું આ સર્જરીનો ખર્ચ ઉઠાવી શકું તેમ નહોતો. મારી આ બધી રજૂઆત ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનના અધિકારીઓને કરી. ત્યારબાદ સંસ્થા દ્વારા મહેસાણા ખાતે ડો. પિયુષ પટેલને ત્યાં મારી આ સર્જરી કરાવવાનું આયોજન કરવામાં આવ્યું. ૨૨ મે ના રોજ મારી આ સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી અને એના કારણે હું મારી હિમોડાયાલિસીસની સારવાર સમયસર લઈ શકું છું.

સમયસર મને AV ફિસ્ટુલાની સર્જરી માટે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશને જે મદદ કરી છે તે મારા માટે વરદાનરૂપ છે.

## આ ત્રિમાસિક ગાળા દરમિયાન મળેલ દાનની વિગતો

### મુખ્ય દાતાશ્રીઓ

| | |
|---|---|
| રત્નમણિ મેટલ્સ એન્ડ ટ્યુબ્સ લિમિટેડ, અમદાવાદ (એક હિમોડાયાલિસીસ મશીનનું દાન) | રૂ. ૭,૯૦,૦૦૦/– |
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ | રૂ. ૧,૧૦,૦૦૦/– |

### Save a life (Sponsoring Renal Treatment) કાર્યક્રમના દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ | રૂ. ૧,૨૦,૦૦૦/– |
| નારાયણ પાવરટેક લિમિટેડ, વડોદરા | રૂ. ૯૦,૦૦૦/– |
| શ્રી સુનીલભાઈ આઈ. પટેલ, અમદાવાદ | રૂ. ૫,૦૦૦/– |

### પ્રેરણા કાર્યક્રમના દાતાશ્રીઓ

| | |
|---|---|
| શ્રી રોહિતભાઈ પરીખ, વડોદરા | રૂ. ૧૦,૦૦૦/– |
| ડો. કમલેશભાઈ પરીખ, સુશ્રુષા ફાઉન્ડેશન, વડોદરા | રૂ. ૪,૬૦૦/– |
| શ્રી દિપીકાબેન ભટ્ટ, વડોદરા | રૂ. ૨,૫૦૦/– |

### ડોનર સભ્યપદ કાર્યક્રમ

| ક્રમ નં. | સભ્યપદના પ્રકાર | દાન રકમ |
|---|---|---|
| ૧. | વાર્ષિક મેમ્બર | રૂ. ૨૫૦ |
| ૨. | પાંચ વર્ષ મેમ્બર | રૂ. ૧,૦૦૦ |
| ૩. | દસ વર્ષ મેમ્બર | રૂ. ૨,૫૦૦ |
| ૫. | લાઈફ મેમ્બર | રૂ. ૫,૦૦૦ |
| ૬. | ગોલ્ડ મેમ્બર | રૂ. ૧૦,૦૦૦ |
| ૭. | પેટ્રોન મેમ્બર | રૂ. ૨૫,૦૦૦ |

**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને આપવામાં આવતુ દાન ઈન્કમ ટેક્સ, સેક્સન ૮૦ G હેઠળ ૫૦% કર રાહતને પાત્ર છે**

Oasis નો આ અંક સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. ના સહયોગથી પ્રકાશિત થયો છે.

iRf
ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન
B-૨૦૪, શપથ – ૪, કર્ણાવતી ક્લબની સામે, સરખેજ– ગાંધીનગર હાઈવે, અમદાવાદ– ૩૮૦૦૫૧, ફો, ૦૭૯ ૪૦૦૨ ૭૮૮૪
વડોદરા: ૯૨૨૭૧–૦૧૭૬૨• સુરત: ૯૨૨૭૯–૨૧૦૬૧• રાજકોટ: ૯૨૨૨૭૨–૫૧૫૮૫• મહેસાણા: ૮૫૧૧૧–૧૪૨૫૬• ભાવનગર: ૮૫૧૧૧–૧૪૨૫૭• ભૂજ: ૮૫૧૧૧–૪૮૨૨૮• હિંમતનગર: ૬૩૫૪૯–૧૭૬૬૭
e-mail: irf@indiarenalfoundation.org visit us at: www.indiarenalfoundation.org
Infindia3080 Irfindia Indiarenalfoundation3521

All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G